# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-11-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આંધ્રપ્રદેશ માં સ્વર્ગસ્થ આધ્યાત્મિક નેતા શ્રી સત્યસાઈ બાબાના જન્મ શતાબ્દી સમારોહમાં ભાગ લીધો.
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કોઇમ્બતુરથી PM કિસાન સન્માન નિધી યોજના અંતર્ગત ખેડૂતોનો 21મો હપ્તો જારી કરશે.
3. બિહારમાં, નીતિશકુમારને સર્વાનુમતે JDU વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટાયા.
4. આંધ્રપ્રદેશમાં, સુરક્ષા દળો અને માઓવાદીઓ વચ્ચે થયેલી અથડામણમાં છ જેટલા માઓવાદીઓ માર્યા ગયા
5. ભૂતપૂર્વ પ્રધાનમંત્રી સ્વર્ગસ્થ ઇદિરા ગાંધીની જન્મ જયંતિ નિમિત્તે પ્રધાનમંત્રી, લોકસભાના સ્પિકર સહિતના નેતાઓએ શ્રધ્ધાંજલી અર્પી.
6. આવતીકાલથી ગોવાના પણજીમાં 56માં ફિલ્મ ફેસ્ટિવલનો આરંભ થશે.

.............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM-TEMPLE VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે આંધ્રપ્રદેશના શ્રી સત્યસાઈ જિલ્લામાં સ્વર્ગસ્થ આધ્યાત્મિક નેતા શ્રી સત્યસાઈ બાબાના જન્મ શતાબ્દી સમારોહમાં ભાગ લીધો હતો. પ્રધાનમંત્રીએ પુટ્ટપર્થી ખાતે સાંઈ બાબાની મહાસમાધિ ખાતે પ્રાર્થના કરી અને શ્રદ્ધાંજલિ આપી.

શ્રી મોદીએ સાંઈ બાબાના જીવન, ઉપદેશો અને ગહન આધ્યાત્મિક વારસાની ઉજવણી કરતો એક સ્મારક સિક્કો અને ટપાલ ટિકિટનો સેટ બહાર પાડ્યો. તેમણે સુકન્યા સમૃદ્ધિ યોજના પણ શરૂ કરી , જેનો હેતુ નાણાકીય સુરક્ષા દ્વારા કન્યાઓને સશક્ત બનાવવાનો છે.

(બાઈટ – નરેન્દ્ર મોદી, સિક્કા)

આજે સવારે , પ્રધાનમંત્રીએ પ્રશાંતી નિલયમમાં મહાસમાધિ ખાતે ખાસ પ્રાર્થના કરી. તેમણે ગોદાનમ કાર્યક્રમમાં પણ ભાગ લીધો , જેમાં પરંપરાગત સમર્થન અને કૃતજ્ઞતાના ભાગ રૂપે ચાર ખેડૂતોને ગાયોનું દાન કરવામાં આવ્યું.

(બાઈટ – નરેન્દ્ર મોદી, ગૌદાન)

આ ઉજવણી શ્રી સત્યસાઈ બાબાને નોંધપાત્ર શ્રદ્ધાંજલિ તરીકે ઉજવવામાં આવી, જેમના ઉપદેશો વિશ્વભરના લાખો લોકોને પ્રેરણા આપે છે.

. . . . . . . . . . . .

# PM MODI KISAN NIDHI

પ્રધાનમંત્રી તમિલનાડુના કોઈમ્બતુરની યાત્રા કરશે અને દક્ષિણ ભારત કુદરતી ખેતી સમિટનું ઉદ્ઘાટન કરશે.

કાર્યક્રમ દરમિયાન, શ્રી મોદી દેશભરના **9** કરોડ ખેડૂતોને સહાય પેટે **18** હજાર કરોડ રૂપિયાથી વધુની **PM-KISAN** સન્માન નિધિ યોજનાનો **21**મો હપ્તો જારી કરશે. પ્રધાનમંત્રી સભાને પણ સંબોધિત કરશે.

. . . . . . . . . . .

# BIHAR NDA MEETING

બિહારમાં, નીતિશ કુમારને સર્વાનુમતે JDU વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા છે. જ્યારે પટનામાં પાર્ટીના રાજ્ય મુખ્યાલય ખાતે નવા ચૂંટાયેલા ભાજપના ધારાસભ્યોની બેઠક યોજાઈ હતી , જેમાં ભાજપના વરિષ્ઠ નેતા સમ્રાટ ચૌધરીને વિધાનસભા પક્ષના નેતા તરીકે અને વિજય કુમાર સિંહાને નાયબ વિધાનસભા નેતા તરીકે ચૂંટવામાં આવ્યા હતા. આ બેઠક ત્રણ કેન્દ્રીય નિરીક્ષકોની હાજરીમાં યોજાઈ હતી.

NDA ગઠબંધનના સાથી પક્ષો - ભારતીય જનતા પાર્ટી , જનતા દળ (યુનાઇટેડ), લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ) , હિન્દુસ્તાની અવમ મોરચા અને રાષ્ટ્રીય લોક મોરચા - ના તમામ 202 ધારાસભ્યો તેમના નેતાની પસંદગી કરશે. મુખ્યમંત્રી નીતિશ કુમાર NDA વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટાય તેવી શક્યતા છે. તેઓ આજે જ સરકાર બનાવવાનો દાવો રજૂ કરશે.

. . . . . . . . . . .

# SITHARAMAN - PRE BUDGET

કેન્દ્રીય નાણાં મંત્રી નિમાલા સીતારમણે આજે નવી દિલ્હીમાં આગામી કેન્દ્રીય બજેટ 2026-27 ના સંદર્ભમાં બેંકિંગ , નાણાકીય સેવાઓ અને વીમાના નિષ્ણાતો સાથે 7મી પ્રી-બજેટ પરામર્શની અધ્યક્ષતા કરી હતી.

આ બેઠકમાં નાણાં રાજ્ય મંત્રી પંકજ ચૌધરી , આર્થિક બાબતોના વિભાગના સચિવો, કેન્દ્ર સરકારના મુખ્ય આર્થિક સલાહકાર અને મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

નાણા મંત્રીએ ગઈકાલે સ્ટાર્ટ-અપ્સ ઇકોસિસ્ટમ અને મૂડી બજારોના હિસ્સેદારો સાથે મુલાકાત કરી હતી. નાણાં મંત્રાલય નિષ્ણાતો , ઉદ્યોગ નેતાઓ, અર્થશાસ્ત્રીઓ અને રાજ્ય અધિકારીઓ સાથે વાર્ષિક ધોરણે ઘણી પ્રી-બજેટ પરામર્શ બેઠકો યોજાય છે.

. . . . . . . . . . . . . . .

# GOYAL - ISRAEL

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ આવતીકાલથી ઇઝરાયલની ત્રણ દિવસની મુલાકાતે જશે.

આ મુલાકાત ભારત અને ઇઝરાયલ વચ્ચે વધતી જતી વ્યૂહાત્મક અને આર્થિક ભાગીદારી અને વેપાર , ટેકનોલોજી, નવીનતા અને રોકાણમાં દ્વિપક્ષીય સહયોગને વધુ ગાઢ બનાવવા માટે બંને દેશોની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. શ્રી ગોયલની સાથે **CII, FICCI,** એસોચેમ અને સ્ટાર્ટ-અપ ઇન્ડિયા દ્વારા સહાયિત **60** સભ્યોનું વ્યાપાર પ્રતિનિધિમંડળ પણ હશે.

મુલાકાત દરમિયાન , શ્રી ગોયલ ઇઝરાયલી નેતૃત્વ સાથે ઉચ્ચ સ્તરીય દ્વિપક્ષીય બેઠકો કરશે. ચર્ચાઓ વેપાર અને રોકાણ સંબંધોને મજબૂત બનાવવા , કૃષિ, સંરક્ષણ, અદ્યતન ઉત્પાદન જેવા મુખ્ય ક્ષેત્રોમાં સહયોગને આગળ વધારવા અને બંને દેશોના વ્યવસાયો વચ્ચે વધુ સહયોગ માટે તકો શોધવા પર ધ્યાન કેન્દ્રિત કરવાની અપેક્ષા છે.

. . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

# ANDHRA- MAOISTS

આંધ્રપ્રદેશમાં, આજે વહેલી સવારે રામપાચોડાવરમના એજન્સી ક્ષેત્રમાં ફરી એક ગોળીબાર થયો. વિજયવાડામાં મીડિયા સાથે વાત કરતા, એપી ઇન્ટેલિજન્સના એડિશનલ ડિરેક્ટર જનરલ મહેશ ચંદ્ર લડ્ડાએ જણાવ્યું હતું કે જંગલ વિસ્તારમાં સુરક્ષા દળો અને માઓવાદીઓ વચ્ચે થયેલી અથડામણમાં છ થી સાત માઓવાદીઓ માર્યા ગયા છે. બાકીના માઓવાદીઓ માટે આત્મસમર્પણ કરવું યોગ્ય રહેશે.

તેમણે કહ્યું કે એવા સંકેતો છે કે માર્યા ગયેલાઓમાં કેટલાક માઓવાદીઓ અગ્રણીઓ પણ સામેલ છે, પરંતુ વિગતવાર માહિતીની હજુ રાહ જોવાઈ રહી છે.

એડીજીએ સમજાવ્યું કે માઓવાદી જૂથો છત્તીસગઢ અને તેલંગાણાથી આંધ્રપ્રદેશમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે સુરક્ષા દળોએ દેખરેખ મજબૂત બનાવી છે અને તેમની ગતિવિધિઓ પર નજીકથી નજર રાખી છે.

17 નવેમ્બરના રોજ એક ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું , અને 18 નવેમ્બરની સવારે, અલ્લુરી સીતારામ રાજુ જિલ્લામાં એક એન્કાઉન્ટર થયું હતું , જેમાં કેન્દ્રીય સમિતિના સભ્ય માધવી હિડમા અને પાંચ અન્ય માઓવાદીઓ માર્યા ગયા હતા.

. . . . . . . . . .

# INDIRA GANDHI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ   ભૂતપૂર્વ સ્વર્ગિય  પ્રધાનમંત્રી શ્રીમતી ઇન્દિરા ગાંધીને તેમની જન્મ જયંતિ પર શ્રદ્ધાંજલી અર્પણ કરી.

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા અને સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ આજે સંવિધાન સદનના સેન્ટ્રલ હોલમાં ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ઇન્દિરા ગાંધીને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

ભૂતપૂર્વ સ્વર્ગિય  પ્રધાનમંત્રી ઇન્દિરા ગાંધીની જન્મ જયંતિ પર કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે , પાર્ટીના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ નવી દિલ્હી સ્થિત શક્તિ સ્થળ જઈ શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી. આ સાથે જ અન્ય નેતાઓએ પણ ઇન્દિરા ગાંધીને શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી.

. . . . . . . . . . . . . .

# 56TH INTERNATIONAL FILM FESTIVAL

**પ૬મો આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ (IFFI) ૨૦૨૫ આવતીકાલે થી શરૂ થશે. આ મહોત્સવનો ભારતના સિનેમેટિક વારસાની જીવંત સાંસ્કૃતિક પરેડ સાથે પ્રારંભ થશે.**

**આ મહોત્સવ ૨૦ થી ૨૮ તારીખ સુધી ગોવાના પણજીમાં યોજાશે , જેમાં ૮૦ થી વધુ દેશોના મહેમાનો અને ફિલ્મ નિર્માતાઓ ભાગ લેશે અને ભારત અને વિદેશની ૨૭૦ થી વધુ ફિલ્મો પ્રદર્શિત કરાશે.**

**(વોઈસ કાસ્ટ – નિખિલ કુમાર)**

. . . . . . . . .

# NAGALAND – PAP

નાગાલેન્ડના મુખ્યમંત્રી નેફ્યુ રિયોએ ગૃહમંત્રી અમિત શાહને રાજ્યમાં સલામત કરાયેલ વિસ્તારમાં પરવાનગી પ્રક્રિયા ફરીથી દાખલ કરવાની તાત્કાલિક સમીક્ષા કરવા વિનંતી કરી છે.

એક પત્રમાં, શ્રી રિયોએ જણાવ્યું હતું કે 17 ડિસેમ્બર, 2024 થી નાગાલેન્ડ , મણિપુર અને મિઝોરમમાં ફરીથી લાદવામાં આવેલા નવા પરમિટ પ્રતિબંધો સુરક્ષા ચિંતાઓને કારણે નાગાલેન્ડ માટે જરૂરી નથી. તેમણે જણાવ્યું હતું કે આનાથી પરમિટ ક્ષેત્રને નુકસાન થઈ શકે છે. શ્રી રિયોએ જણાવ્યું હતું કે નાગાલેન્ડ હંમેશા શાંતિપૂર્ણ રહ્યું છે અને શરણાર્થીઓ રાજ્યમાં પ્રવેશતા નથી.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે રાજ્ય મંત્રીમંડળે આ મુદ્દા પર ઘણી વખત ચર્ચા કરી છે અને જાન્યુઆરી 2025 થી ગૃહ મંત્રાલયને વારંવાર પત્ર લખીને અગાઉની પરમિટ મુક્તિઓને પુનઃસ્થાપિત કરવાની વિનંતી કરી છે. તેમણે જણાવ્યું હતું કે પ્રવાસન અને શિક્ષણ ક્ષેત્રના વિવિધ સંગઠનો તેમજ નાગરિક સમાજ જૂથોએ પણ આ અંગે ચિંતા વ્યક્ત કરી છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે આ પ્રતિબંધો વિદેશી પ્રવાસીઓના આગમન પર ખાસ કરીને ડિસેમ્બરમાં હોર્નબિલ મહોત્સવ પહેલા પ્રતિકૂળ અસર કરી શકે છે. શ્રી રિયોએ નાગાલેન્ડ માટે નવી પરમિટ માર્ગદર્શિકા માટે અપીલ કરી હતી.

. . . . . . . . . . . . . . . . . . .

# PUNJAB- COURTROOM SCs

પંજાબ રાજ્ય અનુસૂચિત જાતિ આયોગે ઝડપી સુનાવણી , કેસોનો સમયસર નિકાલ અને આયોગની કામગીરીમાં એકંદર કાર્યક્ષમતા સુનિશ્ચિત કરવા માટે એક અલગ કોર્ટ રૂમ શરૂ કર્યો છે. રાજ્ય અનુસૂચિત જાતિ આયોગ હેઠળ દેશમાં આ પ્રકારનો પ્રથમ પ્રયાસ છે.

આધુનિક સુવિધાઓથી સજ્જ, ટૂંક સમયમાં એક ઓનલાઈન કોર્ટ સિસ્ટમ પણ શરૂ કરવામાં આવશે જેથી ફરિયાદીઓ વર્ચ્યુઅલી હાજર થઈ શકે , જેનાથી જનતાનો સમય, મુસાફરી અને ખર્ચ બચશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .